# યુવાનો પરદેશથી પરત ફરવા માંગે છે, સરકાર નીતિ ઘડશે ?

છેલ્લા ઘણાં વર્ષોથી આજના યુવાનોને પોતાનો દેશ છોડીને પરદેશમાં સ્થાઈ થવાની ઈચ્છા વધતી જાય છે. સૌ પ્રથમ અભ્યાસ કરવા જવાનું અને ત્યારબાદ ત્યાં જ નોકરી સ્વીકારીને કાયમી સ્થાઈ થઇ જવાનું. જેના કારણે આજે આપણે જોઈએ તો પાસપાસે રહેતા એવા દસ ઘર જોવા નહિ મળે કે જેમાંથી કોઈ એક ઘરમાંથી કોઈ યુવાન કે યુવતિ પરદેશમાં ના હોય. પરદેશમાં કાયમી સ્થાઈ થવાની ઈચ્છા પાછળ ઘણાં કારણો છે. જેમાં સૌ પ્રથમ આવે છે રોજગારી અને લાઈફ સ્ટાઇલ. આજના યુવાનને અહી મહેનતના પ્રમાણમાં જે જોઈએ છે તે મળતું નથી અને મળે તો જેટલું જોઈએ છે તેટલું મળતું નથી. આજના યુવાન પાસે બુદ્ધિ છે, કૌશલ્ય છે જેનો ઉપયોગ તે અહી પોતાના રાજ્યમાં કરે તેના કરતા પરદેશમાં કરે તો તેને વધારે ફાયદો દેખાય છે. ત્યારે તેનાથી ઉલટો પ્રવાહ પણ હવે દેખાવા માંડ્યો છે. જે યુવાનયુવતિઓ પરદેશ ગયા છે, સારી રીતે જીવન જીવી રહ્યા છે. તેઓને હવે પોતાના વતનની યાદો આવે છે. તેમને એમ લાગે છે કે, જીવન તો વતનમાં જ જીવાય વગેરે.

છેલ્લા બે માસમાં ગુજરાતી પણ ઓસ્ટ્રેલિયાના નાગરિક એવા બે યુવાનોને મળવાનું થયું. ખૂબ લાંબી ચર્ચાઓ કરી. એ પણ અવારનવાર. આ બંને યુવાનોની ઈચ્છા પરત ગુજરાતમાં આવીને સ્થાઈ થવાની છે. અહી પરત આવવા માટેનો હેતુ પૂછ્યો તો તેમણે જણાવ્યું કે, અમારે અહી ગુજરાતમાં કમાવા માટે નથી આવવું. પણ વતન એવાં આ ગુજરાતમાં એવું ઘણું બધું છે કે જે અમને અહી પાછા ખેંચી લાવવા માટે મજબૂત અને મજબૂર કરે છે. વાચકોને કદાચ એવું લાગે કે આ યુવાનો પરદેશમાં ઓસ્ટ્રેલિયામાં સફળ થયા નહિ હોય માટે પરત આવવાનું વિચારતા હશે. ના એવું નથી. સૌ પ્રથમ તેમની વર્તમાન પરિસ્થિતિ જોઈએ.

આ બંને યુવાનો અને તેમનું કુટુંબ ઓસ્ટ્રેલિયાનું નાગરિકત્વ ધરાવે છે. એટલે ઓસ્ટ્રેલિયાની સરકાર તેમના નાગરિકો માટે જે લાભો આપે છે તે તમામ લાભ આ યુવાનોને અને તેમના કુટુંબને ત્યાં મળે જ છે. જેમકે, આરોગ્યની મફત સુવિધા, શિક્ષણ મફત. એટલું જ નહિ પણ જો કોઈ પુખ્તવયની વ્યક્તિ પાસે નોકરી કે કામધંધો ના હોય તો તેના કુટુંબના ભરણપોષણ અને રહેવા માટેનો ખર્ચ પણ ત્યાંની સરકાર આપે છે. આ બધાં લાભ આજે તેઓને મળે છે અને ભવિષ્યમાં તેમના બાળકોને પણ મળવાના છે. આ તો વાત થઇ સરકાર પાસેથી લાભ મળવાની. પણ હકીકતમાં આ યુવાનોને ઓસ્ટ્રેલિયાની સરકાર પાસેથી કોઈ  લાભ લેવો પડે તેવી કોઈ મજબૂરી નથી. બંને યુવાનો અને તેમની પત્ની પાસે સારી નોકરી છે. ખૂબ જ સારું કમાય છે. બને યુવાનોના કુટુંબની માસિક આવક દસ લાખ રૂપિયા કરતા વધુ છે. ઓસ્ટ્રેલિયાના મેલબર્ન શહેરમાં રહે છે. આ મેલબર્ન શહેર એટલે છેલ્લા દસેક વર્ષથી દુનિયામાં મોસ્ટ લીવેબલ સીટી (વસવાટ કરવા માટે સૌથી શ્રેષ્ઠ શહેર) તરીકેનો દરજ્જો ધરાવે છે. આવા

મેલબર્નમાં પોતાની માલિકીના બે બે મકાનો છે. તો આવું શહેર છોડીને અહી ધૂળખાવા શા માટે આવવું હશે ? ટૂંકમાં સારું કમાય છે, સારી રીતે જીવન પસાર કરે છે. છતાં તેઓને ગુજરાતમાં પરત આવવું છે.

ગુજરાતમાં પરત આવવા અંગે તેમને પૂછ્યું કે, શા માટે પરત આવવું છે. તો તેઓનો જવાબ હતો કે, પહેલી નજરે ત્યાં બધું જ છે. આમછતાં કશું જ નથી. કહેવાનો મતલબ સામજિક હતો. ત્યાં પૈસો છે, સુખ સગવડતાઓ છે. પરંતુ કુટુંબના સભ્યો, મિત્રો, સગાં નથી. અહી જે રીતે દરરોજ એકબીજાને મળી શકાય છે તેવું ત્યાં શક્ય નથી. ત્યાંની અમારી લાઈફ એટલે યંત્રવત. સવારે વહેલા ઉઠીને આગળના દિવસે રસોઈ કરેલ હોય તે લંચબોક્સમાં લઇ જઈને નોકરી પર જવાનું. નોકરીના આઠ કલાક અને અન્ય બીજા ત્રણ કલાક એટલે અગિયાર કલાલ જેટલો સમય નોકરી પાછળ આપીને સાંજે ઘેર આવવાનું. રસોઈ કરવાની , જમવાનું. વાસણો માંજવાના. એકાદ કલાક ટી.વી. જોઇને સૂઈ જવાનું. સોમથી શુક્ર અમારી આ લાઈફ . શનિ-રવિમાં એક દિવસ ઘરની સફાઈ અને કરિયાણું ખરીદવાનું અને એક દિવસ મિત્રો સાથે આનંદ કરવાનો. આમ આનંદ કરવાનો માત્ર એક જ દિવસ. જયારે અહી ગુજરાતમાં કામ કર્યાબાદ દરરોજ આનંદ મેળવી શકાય છે. કારણ કે ફેમિલી અહી છે. આ ઉપરાંત એક યુવાને કહ્યું કે, અહી પરદેશમાં મેડિકલ અને શિક્ષણના પણ પ્રશ્નો છે. અહી તમે બીમાર પડો તો તાત્કાલિક ડોક્ટરની એપોઈન્મેન્ટ ના મળે. અઠવાડિયા પછીની મળે. એટલા સમયમાં રોગ મટી પણ ગયો હોય અથવા આપણે ખૂબ જ હેરાન થયા હોઈએ. જો ઈમર્જન્સીમાં એપોઈન્મેન્ટ જોઈએ તો ખૂબ જ મોંઘુ પડે. સામાન્ય રોગ તાવ કે શરદી માટે પણ લાંબા દિવસો પછી જ એપોઈન્મેન્ટ મળે. કયારેક તો અમે અહી ગુજરાતના ડોક્ટરની ટેલિફોનિક સલાહ લઈએ છીએ. જેની સરખામણીમાં ગુજરાતમાં ઈચ્છો ત્યારે ડોક્ટરને મળી શકો છો. બીજી વાત શિક્ષણની છે. અહી ઓસ્ટ્રેલિયા કે અન્ય પરદેશના પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા કરતા ભારતમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સારી છે. હા.. કોલેજનું શિક્ષણ ભારત કરતા પરદેશમાં વધારે સારું છે.

આ યુવાનોની માદરે વતનમાં પાછા આવવાના કારણોમાં તેઓએ જણાવેલ કે, અમે અહી આવીને નોકરી કરવા માંગતા નથી. જો નોકરી જ કરવી હોય તો અમે ત્યાં કરીએ જ છીએ ને. નોકરીમાં ગુજરાતમાં જે પગાર મળે તેના કરતા ઓસ્ટ્રેલિયામાં વધુ પગાર મળે જ છે. પરંતુ પાછા આવીને અમે કોઈ નાનોમોટો ધંધો કરવા માંગીએ છીએ. આ ધંધાના અંતે અમને મહીને એક-દોઢ લાખ રૂપિયા મળે, અમારા કુટુંબનું ગુજરાન સારી રીતે થાય એટલી જ અમારી અપેક્ષા છે. અમે અમારી બુદ્ધિનો ઉપયોગ પરદેશમાં નહિ પણ અમારા વતન માટે કરવા માંગીએ છીએ. આ યુવાનો જેવી જ ઈચ્છા બીજા અનેક યુવાનો પણ ધરાવે છે. હા... એવા બનાવો પણ બન્યા છે કે, કેટલાક યુવાનો વતન પ્રેમને કારણે ગુજરાતમાં પરત આવ્યા હોય અને બે-ત્રણ વર્ષ પછી અનુકૂળ ના લગતા તેઓ પરદેશ પાછા ફરી ગયા છે.

ટૂંકમાં એવા ઘણાં યુવાનો અને યુવતિઓ છે કે જેઓને પરદેશની જિંદગી કરતા પોતાના વતનની સામાન્ય હોય તો પણ જિંદગી વધારે ગમે છે. ત્યારે આવા યુવાન-યુવતિ જો પોતાના રાજ્યમાં પરત

ફરવા માંગતા હોય તો સમાજ અને સરકારે આ અંગે કશુક વિચારવું જોઈએ. સરકાર અત્યારે ઉદ્યોગધંધા માટે ઘણી નવી પોલીસીઓ લાવે છે, ત્યારે આવા યુવાનયુવતિઓ માટે પણ કોઈ પોલિસી ઘડી કાઢવી જોઈએ. જેથી તેઓની પરત ફરવાની ઈચ્છા પૂરી થાય અને તેમની બુદ્ધિ કે અન્ય શક્તિનો ઉપયોગ રાજ્યના વિકાસમાં થાય. રાજ્યમાં ધંધો કરવા જમીન આપવી જોઈએ અને રાહત દરે લોન પણ આપી શકાય. આ લોકો પરત આવશે ત્યારે ખાલી હાથે તો આવવાના જ નથી. ત્યારે સરકાર આ માટે ચોક્કસ વિભાગ કે કાર્યાલયની રચના પણ કરી શકે. આવા યુવાનયુવતિઓનું ચોક્કસ ગ્રુપ બનાવવું જોઈએ. જે એકબીજાને પણ મદદરૂપ થઇ શકે. સરકારે સામા પગલે એવી નીતિ બનાવવી જોઈએ કે જેથી પરત ફરવા માંગતા યુવાનયુવતિઓ આકર્ષાય અને ચિંતામુક્ત બનીને પરત ફરી શકે. ટૂંકમાં સરકારની જેમ જ સમાજે પણ આવા લોકોને આવકારવા જોઈએ. એન.જી.ઓ., સેવાભાવી ટ્રસ્ટ, ઉદ્યોગગૃહો પણ આ માટે સુંદર કામ કરી શકે. જેમાં બન્ને પક્ષે ફાયદો જ છે.